શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપક

વર્ષ : ૨૦

અંક : ૧૦




શબ્દ, સુર, સંગીત કે લયને ઉષા તળે,
અનંત મહી તું નાશવંતે આવી ગયો છે
લઈ ફરી નવું નવું.....

ને સંકલ્પો જીવનનાં ઉદયકાલ જેમકે,
સુરજો માં, કિરણોમાં,
લઈ ફરી નવું નવું.

કે હળવાશ મોકળાશ ને અહો! અદભુત!
મનબુદ્ધિ ને હૃદયચેતના માં શાંતિ
લઈ ફરી નવું નવું.....

– પ્રવિણસિંહ સિસોદીયા

પ્રિય વાચક મિત્રો,

ટપક તેમજ સંસ્થાકીય પ્રવૃતિઓ માટે આપ સહયોગ રાશી મોકલી શકો છો. આ રકમ ચેક અથવા ડ્રાફટથી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રના નામે અથવા https://letzchange.org/campaigns/help-to-learning-groups-of-farmers-and-children-hardik-vagadia?ref=u0jz5RdHNz આ લીંક પર જઈ ઓનલાઈન સહયોગ રાશી મોકલવા વિનંતી છે. આપની આસપાસ બનતા બનાવો કે જે બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો. તેથી અન્ય લોકો તે વિશે માહિતગાર થશે.

**એક નાનકડો વિચાર મોટો ચમત્કાર સર્જી શકે છે.**

**ભલામણ કરેલ જંતુનાશક અને સ્પ્રે પંપનું મહત્વ.**

પાક સંરક્ષણમાં વપરાતા રસાયણોનું પ્રમાણ ઘણું જ અગત્યનું છે. ઘણી વખત ઓછી માત્રાએ કીટનાશક દવાનો વારંવાર ઉપયોગ કરવામાં આવે તો લાંબા ગાળે જીવાત જે તે રસાયણ સામે પ્રતિકારક શકિત વિકસાવે છે. તેનાથી ઉલટું ભલામણ કરતા વધારે પ્રમાણમાં જંતુનાશક રસાયણનો ઉપયોગ કરતા જીવાત કે રોગનું તો નિયંત્રણ થાય છે. પરંતુ અમુક કિસ્સામાં પાક પર તેની વિપરીત અસર થતી હોય છે. વધુમાં તેનાથી બિનજરૂરી ખેતી ખર્ચ વધે છે અને સાથે સાથે પ્રદુષણમાં પણ વધારો થતાં આપણા આરોગ્ય પર ગંભીર અસરો ઉભી થાય છે.

જંતુનાશક રસાયણનો છંટકાવ કયાં સાધન દ્વારા અને કેવી રીતે કરવામાં આવે છે. તે બાબત ગૌણ હોવા છતાં ખુબ જ મહત્વની છે. સામાન્ય રીતે કીટનાશક અને રોગનાશક દવાનો છંટકાવ હોલો કોન નોઝલ (કે જેમાં પ્રવાહીના બિંદુઓ એકદમ સુક્ષ્મ કદમાં ફેરવાય છે) દ્વારા કરવામાં આવે છે. જયારે નીંદણનાશક દવાનો છંટકાવ ફલડજેટ/ ફલેટ ફેન નોઝલ (કે જેમાં પ્રવાહીના બિંદુઓ પ્રમાણમાં મોટા હોય છે.) દ્વારા કરવાથી તેના સારા પરિણામો મળે છે. નાના કદના પાકોમાં છંટકાવ કરવા માટે નેપસેક સ્પ્રેયરનો અને ઉંચા કદના પાકોમાં છંટકાવ માટે વધુ દબાણ ઉત્પન્ન કરતા સ્પ્રેયર (ફૂટ સ્પ્રેયર, રોકિંગ સ્પ્રેયર અને પાવર સ્પ્રેયર)નો ઉપયોગ કરવો હિતાવહ છે. કેટલાક સાધન સંપન્ન ખેતો ઓછા સમયમાં વધુ વિસ્તારમાં દવા છાંટવા માટે સ્પ્રેયર (મીસ્ટબ્લોઅર) વાપરતા મિશ્રણનો જથ્થો સામાન્ય સ્પ્રેયર (નેપસેક સ્પ્રેયર અને કોઠી પંપ) કરતા (લગભગ ૨ થી ૨.૫ ગણો) વપરાતો હોય છે. તેથી એકમ વિસ્તારદીઠ વપરાતા પ્રવાહી મિશ્રણના જથ્થા ધ્યાનમાં રાખી પાવર સ્પ્રેયર જંતુનાશક દવાનું પ્રમાણ વધારવું જોઈએ.

સવારના પહોરમાં ઝાકળ/ભેજની લીધે વનસ્પતિની બાહય સપાટી ભીની હોય છે. વરસાદવાળા તેનો ઉપયોગ નિવારવો. સૂર્યપ્રકાશમાં રહેલા પારજાંબલી કિરણોને લીધે વિષાણુંયુકત જૈવિક કીટનાશક દવા (NPV)માં રહેલા વિષાણુંના કણો નાશ પામતા હોય છે. તેથી તેનો છંટકાવ હંમેશા સાંજના સમયે ઠંડા પહોરે કરવો જોઈએ. તે જ પ્રમાણે હવામાં સપેક્ષ ભેજનું પ્રમાણ વધારે હોય ત્યારે ફૂગ આધારિત કીટનાશક દવાની અસરકારકતા વધુ જોવા મળે છે. જૈવિક ફૂગનાશક ટ્રાઈકોડર્મા ને ત્યારે જમીનમાં આપવામાં આવે છે, જયારે જમીનમાં ભેજ, સેન્દ્રિય તત્વ અને નીચું તાપમાન હોય તે આવશ્યક છે.

લેખન અને સંકલન : કિશન વાળા

**શંકાશીલ બનવા કરતા વિશ્વાસ રાખતા શીખો.**




ક્ષમ્ય માત્રા જીવાત નિરીક્ષણ



ગુલાબી ઈયળની જેલી ટ્યુબ ડેમો

વોટર ટેસ્ટીંગ





**ઈચ્છાશકિત મજબુત રાખો સફળતા નકકી છે.**

**પાક વિમો એટલે શું ?**



કુદરતી આપતીઓ જેવી કે દુષ્કાળ વાવાઝોડુ ભારે વરસાદ વગેરે તથા અન્ય પ્રકારના આકસ્મિક જોખમોના કારણે થતા પાક નુકશાન સામે ખેડુતોને વળતર આપવુ.

પાક ધિરાણનુ યોગ્ય આયોજન જરૂરી હોય છેઃ ખાતર બીયારણ જંતુનાશકો જેવી પાક ઉત્પાદક સામગ્રીને ધિરાણ ના રૂપિયા આવ્યે રોકડેથી ખરીદવાનો આગ્રહ રાખવો જેથી પાક ધિરાણના નાણાનું યોગ્ય વ્યવસ્થાપન થાય તો ખેતી ખર્ચ અંદાજે ૧૦ % સુધી ઘટાડી શકાય કારણ કેખેતી ખર્ચ માટે દવા,ખાતર, બિયારણ જેવી વસ્તુઓ ઉધારથી ખરીદવામાં આવે તો ઓછામાં ઓછુ ૧૦ % સુધી મોઘુ પડી શકે છે.



**પાક કાપણી અખતરા :**


મધ્ય ઋતુની વિપરીત પરિસ્થિતિને કારણે ઉભા પાકમાં થતા નુકસાનનો વાસ્તવિક અંદાજ મેળવવા માટે પાક કાપણીના અખતરા લેવામાં આવે છે. આ અખતરા જે તે જીલ્લાના ખેતીવાડી વિભાગના કર્મચારીઓ દ્વારા વીમા કંપનીના પ્રતિનિધિની હાજરીમાં હાથ ધરવામાં આવે છે.

મુખ્ય પાક માટે ક્રોપ કટિંગ ગ્રામ સ્તરે લેવાય છે. જયારે ગૌણ પાક માટે તાલુકા સ્તરે લેવાય છે. મુખ્ય પાક માટે ગ્રામ પંચાયત સ્તરે ૪ અને ગૌણ પાક માટે તાલુકા દીઠ ૧૬ કાપણીના અખતરા કરવામાં આવે છે.

નમ્ર બનો, નમ્ર રહો અને નમ્રતા કેળવો.

પ્લોટનું સ્થાન–દરેક પસંદ કરેલ ખેતરમાં નક્કી કરેલ માપનો પ્લોટ રેન્ડમ નંબરની મદદથી રેન્ડમ રીતે નક્કી કરવાનો છે. પ્લોટનુ કદ પાક પ્રમાણે નીચે મુજબ રાખવાનુ હોય છે.

| ક્રમ | પાક | પ્લોટનું કદ |
|---|---|---|
| ૧ | કપાસ, એરંડા, તુવેર | ૧/૨ આર (૧૦×૫) મીટર હારમાં |
| ૨ | તમાકુ અને વરીયાળી | ૧/૪ આર (૫×૫) મીટર હારમાં |
| ૩ | ડાંગર, બાજરી, તલ, ખરીફ જુવાર, ઘઉં, મકાઈ, ચણા, રાગી, મગફળી, રવિ જુવાર, જીરૂ, ઈસબગુલ, બટાટા, લસણ, મગ, મઠ, અડદ, ડુંગળી, રાઈ, સરસવ, ગુવાર | ૧/૨ આર (૫×૫) મીટર |
| ૪ | કેળા | બે હારમાં ૧૪ છોડ |
| ૫ | જામફળ, કેરી | એક કલસ્ટરમાં ૪ ઝાડ મુજબ ત્રણ કલસ્ટર એક બગીચામાં કુલ ૧૨ ઝાડ |






**અસંભવને સંભવ બનાવવાની વૃતિ કેળવો.**

## સ્કુલ પ્રોગ્રામ રીપોર્ટ

એસએસકેકે, હરિરાજ, કોટન કનેક્ટ અને સીએસપીસી દ્વારા અમરેલી તથા ગીરસોમનાથ જીલ્લાના ગામોમાં બીસીઆઈ નામની પરીયોજના ચાલી રહી છે. જે અંતર્ગત ખેડુતો, મહિલા, બાળકોના અધિકારો અને હકો માટે કામગીરી કરવામાં આવે છે. આ જ પ્રોગ્રામ અંતગર્ત બધા જ ગામોમાં બાળકોમાં જાગૃતિ ઉભી થાય તે હેતુથી શાળા કાર્યક્રમ કરવામાં આવ્યા છે. શાળા કાર્યક્રમની અંદર બાળકોમાં બાળ અધિકારો, ખેતી, પર્યાવરણ અને બાળમજુરી પ્રત્યે જાગૃતિ આવે તે હેતુથી ધોરણ ૩ થી ૫ ની ઉપર જણાવ્યા વિષય પર સુલેખન સ્પર્ધા તેમજ ૬ થી ૮ ની અંદર વકૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. આ સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે આવેલા વિધાર્થી મિત્રોને અનુક્રમે સ્કુલબેગ, કંપાસ બોક્સ, પેડ, વોટરબેગ જેવી અલગ અલગ વસ્તુ વિધાર્થીઓના જરૂરીયાતને ધ્યાનમાં રાખી પ્રોત્સાહન રૂપે ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત જે બાળકોએ સ્પર્ધામાં પોતાની કુશળતા દર્શાવી હોય તેવા તમામ વિર્ધાર્થીઓને બોલપેન રૂપી ભેટ આપવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રતિનિધિત્વ તરીકે હાજરી આપનાર કાર્યકર દ્વારા સંસ્થાનો પરિચય તેમજ તેમજ બાળમજુરી કરતાં બાળકોને કેવી રીતે સ્કુલ સુધી પહોંચાડવા તેમની અને ખેત કામના જોખમો વિશે વાતો કરવામાં આવી હતી.



**અભિમાન ઘણી વસ્તુનો નાશ કરે છે.**

જે ત્રણ  વિષયો નક્કી કર્યા હતાં. તે નીચે મુજબ છે.

ખેતી અને પર્યાવરણ : ખેતી એ ખેડૂત અને દેશવાસીનું જીવન નિર્વાહનું મહત્વનું સાધન છે. સમય બદલાયો હરીયાળી ક્રાંતિની શરૂઆત થતાં આધુનિક ખેતીમાં ખેડુત પર્યાવરણને નજરઅંદાજ કરી આડેધડ દવા તથા બિનજરૂરી વધારે ખાતરનો ઉપયોગ કરતો થયો છે. જેમના કારણે પર્યાવરણને બહુ મોટુ નુકશાન ભોગવવું પડશે. રસાયણિક ખાતરની શોધ કરીને સૌથી મોટું પાપ કયું છે.

બાળ મજુરી : બાળ મજુરીઓ આપણા દેશનું કલંક છે. બાળ મજુરીને રોકવા માટે દેશમાં કાનુન પણ બનાવેલ છે. છતાં પણ આ દુષણને આપણે રોકવું કઠીન બન્યું છે. બાળકોનાં સર્વાંગી વિકાસ માટે જે કંઈ આડ અડચણ બનતી હોય તો તે બાળમજુરી બાળકોનો વિકાસ અટકાતા આપણી પેઢી નું ભાવી ધુંધળું બને. દરેક માતા–પિતાને શિક્ષણનું મહત્વ સમજાય અને તે બાળકોને દેશના ભવિષ્ય માટે ઉપરાંત તેમના વિકાસ માટે પોતાના બાળકોને શાળાએ મોકલે તેવી આપણે આશા રાખીએ.

બાળ અધિકારો : દેશના દરેક નાગરિકોને સંવિધાન  દ્વારા અધિકારો આપેલા છે. તેમજ બાળકોને પણ અધિકારો આપેલા છે. બાળકોને ત્રણ અધિકાર આપવામાં આવ્યા છે. તેમાં પ્રથમ ૬ થી ૧૮ વર્ષની ઉંમર હોય તેને બાળક ગણી શકાય જેમાં  યતફ ૧૩૮ મુજબ ૬ થી ૧૪ વર્ષના બાળકને ફરજીયાત પ્રાથમિક શિક્ષણનો કાયદો છે. આમ બાળ અધિકારો આપેલ છે.



**પારકા ધનની લાલચ રાખવી ખરાબ છે.**

## Happy Birthday

Happy Birthday

1 Dhiraj Vagadia
18.11.1961

2 Devabhai Chudasama
24.11.1993

In this month

3-6 Program on linking of FPO with commodity market.

8-30 Field exposure of public policy students (NLSIU Banglore).

8 EC meeting SSKK.

9 Review meeting of POPIs on FPOs at NABARD.

9-10 Field visit by Sonaleee and Disha (Doctoral student IIM & IRMA).

11 Workshop on study of current situation of drinking water.

15-21 Campaign on PMFBY.

16 TOT on yield loss assessment and methodology in PMFBY.

## બાલગીત

ભારત માતાનાં સંતાન અમે સૌ ભારત માતાનાં સંતાન.. સાથે ભણશું સાથે રમશું, કરશું સારા કામ.... અમે સૌ કરશું સારાં કામ..........
ઉંચ નિચનાં નહિં ભેદ અમોને કરીશું આપ સમે પ્રેમ...ગુરૂની આજ્ઞા શીરે ધરશું, લઈ આશિષ સંગાથ... અમે સૌ કરશું સારાં કામ.......... સર્વ શિક્ષા અભિયાન એ છે, શિક્ષણનો અધિકાર,
સમજાવીશું સર્વ જનને, કરશુ એવો પડકાર...
અમે સૌ કરશું સારાં કામ..........
વંદન કરશું મા ભોમને માતા રાખજે અમારી લાજ..
માતા સરસ્વતીએ પહેરાવ્યો છે, એવો અમને સાજ...
અમે સૌ કરશું સારાં કામ..........
ભારત માતાનાં સંતાન અમે સૌ ભારત માતાનાં સંતાન..

– હંસરાજ પેથાણી (ત્રંબોડા)

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

Post Reg. No. Amreli/091/2018-20
Valid Upto 31/12/2020

RNI No. GUJGUJ/1999/01521
Date Of Issue 1st of month

Book -Post, Printed Matter

SskK

**ટપક કાર્યાલય :**

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**આંનદ તો દરેક જગ્યાએ છે, પરંતુ તેનો સ્ત્રોત આપણા હૃદયમાં છે.**